**વિભાગના અધિકારી/કર્મચારીઓ સમયસર**
**ફરજ ઉપર હાજર થવા બાબત તેમજ**
**ઓનલાઇન રજા મંજુર કરાવવા બાબત.**

ગુજરાત સરકાર,
અન્ન નાગરિક પુરવઠા અને ગ્રા.બા.નો વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ મકમ-૧૦૨૦૧૮-૮૪૪-ફ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૧૧/૪/ ૨૦૧૯

**વંચાણે લીધોઃ**

(૧) સામાન્ય વહીવટ વિભાગનો તા.૩/૧૨/૨૦૦૮નો પરિપત્ર ક્રમાંકઃ કકપ-૧૦૨૦૦૮-૧૨૫૯-વસુતાપ્ર૧.

(૨) વિભાગનો તા.૧૨-૩-૨૦૧૯ નો સરખાક્રમાંક નો પરિપત્ર

**પરિપત્રઃ-**

વંચાણે લીધેલ ક્રમ(૨) ના પરિપત્રથી વિભાગના અધિકારી/કર્મચારીઓ સમયસર ફરજ ઉપર હાજરી અને ઓનલાઇન પરચુરણ રજા/અન્ય રજાઓ મંજુર કરાવવા બાબતે જરૂરી સુચના આપવામાં આવેલ છે. પરંતુ અનુભવે એવુ ધ્યાન ઉપર આવેલ છે કે વિભાગના અધિકારી/કર્મચારીઓ સમયસર કચેરીમાં ફરજ ઉપર આવતાં નથી અને તેઓના સેકશન અધિકારી/ઉપસચિવશ્રીની પુર્વ મંજુરી સિવાય પરચુરણ રજા/અન્ય રજા ઉપર જતા હોય છે ઓનલાઇન રજા મુકયા સિવાય ગેરહાજર રહે છે. જેથી તેમના સંબંધિત સેકશન અધિકારી/ઉપસચિવશ્રીની સાથીમાં ઓનલાઇન રજા મુકીને મંજુર કરાવી રજા ઉપર જવાનું રહેશે. ઉપરાંત વિભાગની તમામ શાખાઓને મહેકમ શાખા દ્વારા મુવમેન્ટ રજીસ્ટર આપવામાં આવેલ છે. તેમાં સા.વ.વિ.ની સૂચના મુજબ શાખાના સભ્યોએ અવર જવર અંગેની નિયમિત નોંધ લેવાની રહેશે. તે અંગેની ચકાસણી શાખાના સંબંધિત અધિકારીએ કરવાની રહેશે.

ઉપર જણાવેલ સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

**(પંકજ પંચાલ)**
નાયબ સચિવ,
અન્ન નાગરિક પુરવઠા અને ગ્રા.બા.નો વિભાગ
ગુજરાત સરકાર

**પ્રતિ,**

- અગ્રસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી,અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- વિભાગના સર્વે અધિકારીશ્રીઓ, અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- વિભાગની સર્વે શાખાઓ, અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- સીસ્ટમ મેનેજરશ્રી, અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- ના.સે.અધિ./શાખા સીલેકટ ફાઇલ-૨૦૧૯.